# શહેરની કોવીડ હોસ્પિટલમાં ૮૦ થી વધુ દર્દીઓ ઓકિસજન હેઠળ

## હોસ્પિટલમાં રોજનો ૩૦૦૦ થી ૩૨૦૦ મીટર ક્યુબ લિકવીડ ઓક્સિજન દર્દીઓ માટે ઉપયોગમાં લેવાય છે

ગાંધીનગર શહેરની કોવીડ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૨૦૦ને પાર થઈ જવા પામે છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. ત્યારે કોવીડ હોસ્પિટલમાં ૮૦ થી વધુ દર્દીઓ ઓકિસજન હેઠળ સારવાર લઈ રહ્યા છે. જેથી હોસ્પિટલમાં રોજનો ૩૦૦૦ થી ૩૨૦૦ મીટર ક્યુબ લિકવીડ ઓક્સિજનનો વપરાશ થાય છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ઓક્સિજનને લઈ હાલ કોઈ ચિંતાનો વિષય નથી.

મળતી માહિતી મુજબ કોરોના દર્દીઓને ફેંફસા પર અસર પહોંચાડતો હોવાથી દર્દીઓને ઓક્સિજનની જરુરીયાત ઉભી થાય છે. ત્યારે રાજયમાં ઓક્સિજનનું વેપાર કરતા વેપારીઓએ પણ ઓક્સિજનના ભાવમાં અચાનક વધારો કરી દીધો છે. દર્દીઓને જરુરીયાત હોવાથી ઓક્સિજનની માંગમાં વધારો થવા લાગ્યો છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ત્રણ હજારને પાર કરી ગયો છે. કોરોનાની મહામારી અજગરી ભરડો લઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. કોવીડ હોસ્પિટલમાં કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. ત્યારે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી કોરોનાના દર્દીઓનો આંકડો ૨૦૦ થી વધુ થઈ જાય છે. ત્યારે ૨૦૦ દર્દીઓમાંથી ૮૦ દર્દીઓ ઓકિસજન હેઠળ સારવાર લઈ રહ્યા હોય તેમ જાણવા મળ્યું છે. તે ઉપરાંત સિવિલમાં આઈસીયુ અને અન્ય વોર્ડમાં પણ દર્દીઓને ઓકિસજન પુરો પાડવામાં આવે છે. ગાંધીનગર હોસ્પિટલમાં પ્રતિદિન ૩૦ લાખ લીટર પ્રવાહી થી વધુ ઓક્સિજન દર્દીઓને પુરો પાડવામાં આવે છે. ગાંધીનગર સિવિલમાં ઓકિસજનને લઈ અગાઉથી તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હોવાથી હાલના સમયે ઓકિસજન જરુરીયાત મુજબ દર્દીઓને મળી રહે છે.



# કર્મકાંડી બ્રાહ્મણોની યાદી તૈયાર કરી ટૂંકમાં રાહત અંગે જાહેરાત કરાશે

## મુખ્યમંત્રી કક્ષાએ ટુંકમાં બેઠક મળશે : કોરોના કાળમાં આર્થિક સંકડામણથી અનુભવતા કર્મકાંડી બ્રાહ્મણો માટે સરકાર રાહત પેકેજ જાહેર કરે તેવી સંભાવના

ગાંધીનગર તા ૧૯

કોરોનાકાળમાં કર્મકાંડી બ્રાહ્મણો માટે સહાય પેકેજ જાહેર કરવા માટે અનેકવાર રજુઆત કરવામાં આવી છે. કોરોનાની મહામારીમાં મંદિરમાં પુજા પાઠ કરી અગર કર્મકાંડ કરીને પેટીયુ રળતા બ્રાહ્મણોની આર્થિક સ્થિતિ પણ કથળી છે. આવા સંજોગોમાં સરકાર તરફથી તેમને મદદ મળી રહે તેવી પણ માંગ ઉઠવા પામી છે. જયારે મુખ્યમંત્રી કક્ષાએથી આ મામલે ટુંકમાં હકારાત્મક નિર્ણય લેવાનો હોવાના સંકેતો પણ મળ્યા છે ત્યારે શહેર તેમજ જિલ્લામાં આ મુજબ કર્મકાંડી બ્રાહ્મણોની યાદી પણ તૈયાર કરીને સુપ્રત કરવા માટે જણાંવાયુ છે.

કોરોનાની મહામારીમાં ઘણાંની નોકરી છીનવાઈ ગઈ છે. વેપાર ધંધા પણ હજુ ઠેકાણે પડયા નથી ત્યારે આર્થિક સંકડામણ દરેક માટે મુંઝવણનો વિષય છે. આવા સંજોગોમાં મંદિરમાં ભગવાનની સેવા પુજા કરી અગર કથા , પુજા કરીને પોતાનુ ગુજરાન ચલાવતા કર્મકાંડી બ્રાહ્મણોની પણ આર્થિક સ્થિતિ કથળી છે. આવા કર્મકાંડીબ્રાહ્મણો માટે સરકાર કોઈ રાહત પેકેજ જાહેર કરે તેની માંગ પણ લાંબા સમયથી ઉઠવા પામી છે. જયારે આ મામલે બ્રહ્મસમાજે પણ સરકારને રજુઆત કરી છે. આ ઉપરાંત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા મંદિરના પુજારીઓ તેમજ કર્મકાંડી બ્રાહ્મણાને રાહત પેકેજ આપવા માટે સરકારને રજુઆત કરી હતી પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવે આ અંગે જિલ્લા કલેકટરને પત્રના માધ્યમથી રજુઆતમાં જણાંવ્યા મુજબ મુખ્યમંત્રીના કાર્યાલય મારફત તેમજ અન્ય રાજકીય અને સામાજિક મહાનુભાવાઓ મારફત મંદિરના પુજારીઓ તેમજ પુજાપાઠ અને કર્મકાંડ પર નિભાવ કરતા કર્મકાંડી બ્રાહ્મણોને કોરોનાની મહામારીના સંજોગોમાં રાહત પેકેજ આપવા માટે જુદી જુદી રજુઆતો મળી છે. જયારે આ રજુઆતના અનુસંધાને આપના જિલ્લામાં સ્થિત તમામ મંદિરોમાં કામ કરતા પુજારીઓ અને પુજાપાઠ અને કર્મકાંડ પર નભતા કર્મકાંડી બ્રાહ્મણોની સંખ્યા કેટલી છે તેની તાલુકાવાર વિગતો પણ મંગાવી છે. આ માહીતી સંદર્ભે મુખ્યમંત્રી નજીકના સમયમાં ચર્ચા વિચારણા કરી કર્મકાંડી બ્રાહ્મણનોના હીતમાં તેમને સહાય આપવા માટે નિર્ણય લેશે જેથી તમામ વિગતો ઝડપથી પહોંચતી થાય તેવુ આયોજન કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.



ગાંધીનગર શહેર પાસેથી પસાર થતી નભોઈ નર્મદા કેનાલ ખાતે અચાનક ચાર ભેંસ કેનાલમાં પડી ગઈ હતી. જેથી ફાયર બ્રિગેડને કોલ મળતા તાત્કાલીક જવાનો કેનાલ ખાતે પહોંચી ગયા હતા. જવાનોએ ભારે જહેમત બાદ ચાર ભેંસને હેમખેમ કેનાલમાંથી બહાર કાઢી હતી.

## ખૂણેખાંચરેથી

- રાજયના મુખ્યમંત્રીની ખાસ લિફટના લિફટમેનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો વધી જતાં અને બીજી તરફ ચિકનગુનિયાના કેસો સામે આવતાં નગરજનોમાં ભયની લાગણી ઉભી થઈ છે.
- આજે ગાંધીનગર ખાતે વિધાનસભાના સત્ર માટે સવારે ૧૦ વાગ્યાથી બે વાગ્યા દરમ્યાન પત્રકારોના કરાયેલ ૯૦ જેટલા ટેસ્ટના રિપોર્ટ નેગેટીવ આવ્યા હતા.
- આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની વર્ચ્યુઅલ બેઠક અધિક નિવાસી કલેક્ટરે કરી હતી જેમાં માણસાના ધારાસભ્યએ સરકારી કાર્યક્રમોમાં ધારાસભ્યોને આમંત્રણ પણ નહિ અપાતા હોવાની ગંભીર ફરિયાદ કરી હતી.
- ગાંધીનગર જિલ્લાની જમીન તકેદારી સમિતિ (સીટ)ની બેઠક આજે કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવમાં આવેલા ઉછાળા બાદ હવે ફ્રુટ બજારના ભાવો પણ આસમાને પહોંચતાં નગરજનોની સ્થિતિ એક સાંધે અને તેર તુટે જેવી હાલત ઉભી થઈ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રેમની વાત પછી, પહેલા કહે કે તને શરદી, ખાંસી, ગળામાં ખરાશ કે તાવ જેવા લક્ષણો તો નથી ને...??

# ગુજરાતમાં ચમત્કારિક સંશોધન, દેશી વાયગ્રા જેવી બે વનસ્પતિ મળી

## આણંદ કૃષિ યુનિવર્સિટીએ બન્ને છોડમાંથી જે કેમિકલ શોધ્યું છે તે ફર્ટિલિટી લેવલ સુધારી શકે છે

ગુજરાતમાં એક ચમત્કારિક સંશોધન થયું છે. આ સંશોધનની મદદથી પુરૂષના પ્રજનન તંત્રની ક્ષમતા સુધારવાનો પ્રયાસ કરવામાં આવશે. આણંદની કૃષિ યુનિવર્સિટીએ આ સંશોધન કર્યું છે અને તેના પર પ્રયોગો ચાલી રહ્યાં છે.

ગુજરાતમાં બે છોડ કે જે મોટાપ્રમાણમાં ઉગી રહ્યાં છે તેમાં સંશોધન કરતાં આ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. નિરજ વ્યાસને ચમત્કારિક નવી બાબત જાણવા મળી છે. વર્ધારો અને એખારો નામની આ બે વનસ્પતિમાંથી જે કેમિકલ મળ્યું છે તે વાયગ્રા જેવું છે. તેના ઉપયોગથી દેશી વાયગ્રા બની શકશે.



આ બન્ને છોડ કામવાસના વધારે છે. ઈરેક્ટાઈલ ડિફંકશનની સારવાર કરી શકે છે. સ્પર્મ કાઉન્ટ વધારવામાં મદદ કરે છે તેમજ ફર્ટીલીટી લેવલમાં પણ સુધારો કરે છે. નદીના પટમાં ઉગતા આ બન્ને છોડના પાંદડા અને દાંડીનો ઉપયોગ આદિવાસી પરિવારો વર્ષોથી ઉપયોગ કરી રહ્યાં છે.

વજિકરણ ચિકિત્સામાં એવા ૬૦ ઔષધિય પ્લાન્ટનો ઉલ્લેખ છે કે ખામીયુક્ત વિર્ય, સ્પર્મટનિનેસિસ અને જાતીય શક્તિના કિસ્સામાં ફાયદારૂપ થાય છે. આ ડોક્ટરે એસોસિયેટ પ્રોફેસર મનન રાવલના નેજા હેઠળ પુરૂષ વ્યંધત્વ ઉપર આયુર્વેદિક ઔષધિય છોડની અસર વિષય પર પીએચડી કર્યું છે.

વર્ધારો કે જેને સંસ્કૃતમાં સમુદ્ર શોખ કહે છે અને અખારો કે જેને કોકીલક્ષ તરીકે ઓળખવામાં આવે છે. વ્યાસના જણાવ્યા પ્રમાણે પ્રક્લિનિક ટ્રાયલ દરમ્યા ઉંદરના સ્પર્મ કાઉન્ટમાં વધારો થયો છે. હવે ફાર્મા કંપનીઓ આ બન્ને વનસ્પતિનો ઉપયોગ સેક્સ ઉત્તેજક દવા બનાવવામાં કરી શકશે.

## પતિએ મારકૂટ કરીને ઘર બહાર કાઢી મૂકેલી

# ગર્ભવતી મહિલાને અભયમ્ ટીમે ‘સખી’ ખાતે આશ્રય અપાવ્યો

ગાંધીનગર તા. ૧૯

ગાંધીનગરના વાવોલ ખાતે ગત બુધવારે રાતે બનેલી એક ઘટનામાં પતિએ મારકૂટ કરીને જલ્દી બહાર કાઢી મૂકેલી એક આઠ માસની ગર્ભવતી મહિલાને અભયમ્ મહિલા હેલ્પ લાઈનની ટીમે ×સખી× વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવ્યો હતો. બીજા દિવસે સખી સેન્ટર દ્વારા પતિને બોલાવી બંને વચ્ચે સમાધાન કરવામાં આવ્યું હતું અને મહિલાને પતિ સાથે ઘરે મોકલવામાં આવી હતી પરંતુ રસ્તામાં જ ફરી બંને વચ્ચે ઝઘડો થતાં પતિએ ફરી માર માર્યો હતો જેના કારણે પત્ની ફરી સખી સેન્ટરે પરત ફરી હતી જેને શુક્રવારે નારી સંરક્ષણ ગૃહ ખાતે ખસેડવામાં આવી હતી.

વાવોલ ગામમાં રહેતી એક પરિણીતા જે આઠ માસના ગર્ભ સાથે ગર્ભવતી હતી તેને બુધવારે રાતે તેના પતિએ મારકુટ કરી પછીની બહાર કાઢી મૂકી હતી આ વાતની જાણ એક અજાણી વ્યક્તિએ ૧૮૧ અભયમ્ હેલ્પલાઈન ઉપર કરતા અભયમ્ હેલ્પલાઈનની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી મહિલાને કાઉન્સેલર વિલાસબેન દ્વારા

**બીજા દિવસે પતિને બોલાવી સમજાવટ સાથે પત્નીને મોકલી પરંતુ રસ્તામાં જ પતિએ ફરી માર મારતા પરત આવેલી મહિલાને નારી સંરક્ષણ ગૃહ ખાતે મોકલાઇ**

આશ્વાસન આપી તેનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું જેમાં જાણવા મળ્યું કે આ મહિલા બે વર્ષ પૂર્વે તેના પતિ સાથે પ્રેમલગ્ન કર્યા હતા જેને કારણે મહિલાને તેનો પિયરના પરિવારે સંબંધ તોડી નાખ્યા હતા જ્યારે પતિ પણ હવે અન્ય મહિલા સાથે લગ્નેતર સંબંધ રાખતો હોવાથી બંને વચ્ચે કંકાસ થતો હતો અને આ મહિલા ગર્ભવતી હોવા છતાં પણ તેના પતિએ તેને ઘરની બહાર કાઢી મૂકી હતી. અભયમની ટીમે મહિલાના પતિને ફોન કરીને બોલાવ્યા હતા.

પરંતુ તેણે આવવાનો ઈક્કાર કરી દીધો હતો. ગર્ભવતી મહિલાએ હવે પોતાનો કોઈ આશરો ના હોવાનું તેવું જણાવતાં અભયમની ટીમે મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં બનાવાયેલા ×સખી× વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવ્યો હતો. આ કાર્યમાં અભયમ હેલ્પલાઈનના કાઉન્સેલર વિલાસબેન તથા કોન્સ્ટેબલ રેખાબેન અને પાયલોટ ફતેસિંહે કામગીરી નિભાવી હતી.

# નગરના યુવા અગ્રણી મનીષ વિક્રમભાઈ પટેલનુ દુઃખદ અવસાન

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન વિક્રમભાઈ પટેલના પુત્ર મનીષભાઈ વિક્રમભાઈ પટેલનુ ૪૦ વર્ષની વયે બિમારીના અંતે દુખદ



અવસાન થયુ છે. મનીષભાઈ છેલ્લા કેટલાક સમયથી લિવરની બિમારીથી પીડાતા હતા જયારે છેલ્લા ૨૦ દિવસથી તેમને દિલ્હીની વેદાંત હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતા જયાં લિવરની સારવાર દરમિયાન તેમને કોરોનાનુ સંક્રમણ પણ લાગી ગયુ હતુ આ બિમારીના લીધે તેમનુ અવસાન થયુ છે. તેમના અવસાનથી શહેરમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. મનીષભાઈ સ્વભાવે સેવાભાવી અને શાંત પ્રકૃતિના હતા. ગાંધીનગરમાં બિલ્ડર લોબીમાં પણ તેમના કામથી તેમણે આગવી નામના મેળવી હતી. શહેરના અનેકવિધ વિકાસ કામોમાં પણ તેમણે યોગદાન આપ્યુ હતુ. મનીષભાઈના અવસાનથી શહેરની બિલ્ડર લોબી, અફસરો તેમજ સમાજના આગેવાનોએ પણ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. મનીષભાઈના પિતા વિક્રમભાઈ ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન છે. બેંકના અન્ય ડિરેકટરો તેમજ સભ્યોએ પણ તેમના પરિવારજનો પર આવેલી આફતનો સામનો કરવા માટે ઈશ્વર તેમને શકિત આપે તેવી પ્રાર્થના કરી હતી. બિમારીના અંતે નગરના યુવા અગ્રણીનુ અવસાન થતા સેકટરવાસીઓ સહીત શહેરીજનોએ પણ ઘેરાશોકની લાગણી વ્યકત કરી છે.

# ઘરફોડ-મોબાઈલ ચોરી કરતી ટોળકી ઝડપાઈ

ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદના રાણીપ વિસ્તારમાં એક મકાનમાંથી તાજેતરમાં રૂ. ૧૦.૪૬ હજારની થયેલી ઘરફોડ ચોરી અને અડાલજ વિસ્તારના શાકમાર્કેટમાંથી મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલી એક મહિલા સહિત ચાર આરોપીને રૂ.૨,૮૭, લાખના મુદ્દામાલ સાથે પકડી પાડી એલસીબી-૨ પોલીસે હેં.કો.હસમુખભાઈને આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ઝુંડાલ બસ સ્ટેન્ડ પાસેથી જી.જે.૨૭-ડબલ્યું-૭૧૬૮ નંબરની રીક્ષામાં સવાર ત્રણ શખ્સો અને એક મહિલાને ઝડપી પાડી હતી. ઝડપાયેલામાં અમદાવાદના સુનિલ મનુભાઈ દંતાણી (ઉં.૧૯ ઔડાના મકાન ચાંદખેડા), વિજય ઉર્ફે અચ્ચુ હાલમાં વિજય સાથે પત્ની તરીકે રહે છે.

આરોપીઓ પાસેથી અંગજડતી દરમિયાન મળી આવેલો મુદ્દામાલ વિગત

- વિવિધ કંપનીના ૨૦ મોબાઈલ ફોન
- કેમેરો
- ટેપ રેકોર્ડર
- રીક્ષા




કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો સક્રિય હતા.ત્યારે ગોવિંદભાઈ દંતાણી (ઉં.૨૦ કેશવનગર ફાટક પાસે), બંસી સંપતભાઈ દંતાણી (ઉં.૧૯ કેશવનગર છાપરા) તેમજ હંસા ઉર્ફે હંશી મનુભાઈ દંતાણી (ઔડાના મકાન ચાંદખેડા) નો સમાવેશ થાય છે. વિધવા હંસા

- પક્કડ, હેકસો બ્લેડ, છીણી, કોસ જેવા ચોરી કરવા માટેના સાધનોની કુલ કિં.૮૯.૫૭૦ થાય છે. તે ઉપરાંત રૂ,૧,૯૫,૪૪૩ ની કિંમતની સોનાની રણી, રૂ.૨૪૦૦ કિંમતની ચાંદીની રણી મળી આવી હતી.

# પોર ગામેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલા પોર ગામે વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ પોલીસના હાથે ઝડપાયો છે. અડાલજ પોલીસે બાતમીને પગલે ચામુંડાપુરાવાસમાં રહેતા પોપટજી ધુળાજી ઠાકોરના ઘરે રેઈડ પાડી આરોપીને વરલીના આંક લખતો ઝડપી પાડીને આંકડા-ભાવ લખેલી ચીઠી મળી આવી હતી. પોલીસે વરલી મટકાનો જુગાર રમાડવાનું સાધન સાહિત્ય મળીને રૂ.૧૪,૮૦૦ રોકડા તેમજ મોબાઈલ ફોન કિં.૧ હજાર મળી રૂ. ૧૫,૮૦૨ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ચિલોડા આરોગ્યકર્મી દ્વારા મચ્છરોની ઉત્પત્તિસ્થાનોની ચકાસણીની કામગીરી કરાઈ

ગાંધીનગર, તા.૧૯

જિલ્લામાં ચોમાસુ સિઝનમાં વાહકજન્ય રોગચાળો દેખા દેતાં મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રણ કરવા માટે જિલ્લા મેલેરિયા વિભાગની ટીમ બનાવી વિવિધ શૈક્ષણિક સંસ્થા બાંધકામ સાઈટો, રહેણાંક વિસ્તારો, વરસાદી પાણી ભરાતા સ્થળો, ઘરોમાં પાણીની ટાંકીઓ, છોડના કુંડા, અન્ય પાત્રોમાં મચ્છરોના પોરા થયા છે કે નહીં તેની ચકાસણી કરી મચ્છરોના પોરાનાશક કામગીરી સ્થાનિક આરોગ્ય કર્મી, આશાવર્કર બહેનો દ્વારા ચિલોડા ખાતે કરવામાં આવી રહી છે. આ આરોગ્યકર્મી બહેનોને મચ્છરોના પોરા સંબંધિત તાલીમબધ્ધ કરાયા હતા.




## ચિલોડા ખાતે પી.એમ.ના જન્મદિવસ ઉજવણી અંતર્ગત સ્વચ્છતા અભિયાન

લોકહૃદય સમ્રાટ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી અંતર્ગત યોજવામાં આવેલ સેવા સપ્તાહ કાર્યક્રમના ભાગરૂપે ચિલોડા મોટા ખાતે ભાજપ દ્વારા રાષ્ટ્રીય સ્તરે આયોજિત કાર્યક્રમના ઉપક્રમે ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સુત્રને સાર્થક કરવા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ જિલ્લા અને તાલુકાકક્ષાના ભાજપના સક્રિય હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય લલિતસિંહ યાદવ, પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબા વાઘેલા, ઉપપ્રમુખ જગદીશભાઈ પટેલ, અગ્રણી એસ.પી. ઠાકોર, ક્ષત્રિય ઠાકોર સેના અગ્રણી ગોવિંદજી ઠાકોર, સંજયજી ઠાકોર, ગામના અગ્રણી દિનેશભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય રમેશભાઈ પટેલ, આઈ.બી. વાઘેલા વગેરે સ્વચ્છતાના બેનરો સાથે હાથમાં ઝાડુ દ્વારા સફાઈ અભિયાનમાં જોડાયા હતા. ગામના ભાઈ-બહેનો તેમજ સફાઈ કર્મીઓ જોડાઈ ઉત્સાહપૂર્વક જન્મદિવસને યાદગારરૂપે ઉજવવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી.